**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

ખરેખર, આ પત્રો દ્વારા સાબિત થતું વર્તન દર્શાવે છે કે અંદિયપ્પા પિલ્લઇ કે જેઓ સૌથી વધુ વ્યક્તિગત શેર ધરાવે છે તેમણે ભાગીદારી પેઢી માટે કાર્ય કરવાનો ઈરાદો રાખ્યો હતો અને સામાન્ય રીતે પેઢીની બાબતોના સંચાલન અને વહીવટ અંગે સૂચનાઓ આપી હતી. રેકર્ડ પર અમે અંદિયપ્પા પિલ્લઈના આ વર્તન સામે કોઈપણ વિરોધ અથવા અસંમતિનો કોઇ પુરાવો જોતા નથી. તદુપરાંત, ઈન્કમ-ટેક્સ ઓફિસરો સમક્ષની તપાસ દરમિયાન એવું ક્યારેય સૂચવવામાં આવ્યું ન હતું કે અંદિયપ્પા પિલ્લઈ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ માન્ય અથવા અસરકારક ન હતી અને બાકીના ભાગીદારો દ્વારા તેની સંમતિ આપવામાં આવી ન હતી. તેથી જ અમને લાગે છે કે શ્રી કોલાહ દ્વારા ઉઠાવવામાં આવેલ આ ટેકનિકલ મુદ્દો નિષ્ફળ જવો જોઈએ.

પરિણામ એ છે કે અપીલ નિષ્ફળ જાય છે અને ખર્ચ સાથે કાઢી નાખવામાં આવવી જોઈએ.

અપીલ રદ કરવામાં આવી.

કે. કામરાજ નાદર

વિરુદ્ધ

કુંજુ થેવર અને અન્ય

(અને સંકળાયેલ અપીલો)

**(ભગવતી, જે. એલ. કપૂર અને એ. કે. સરકાર, ન્યાયમૂર્તિઓ)**

*ચૂંટણી અરજી-બેઠક માટે દાવો-ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થતા ઉમેદવાર, શું જરૂરી પક્ષકાર છે-બેઠક માટેના દાવાને પાછો ખેંચવો, જો પક્ષકારોની ખામી દૂર કરે છે-સિક્યુરિટી ડિપોઝિટને લગતી જોગવાઈઓ, શું*

ફરજિયાત છે–ધ રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ, ૧૯૫૧ (૪૩/૧૯૫૧), કલમો ૮૨ અને ૧૧૭.

ચૂંટણી માટે યોગ્ય રીતે ઉમેદવારી નોંધાવનાર સાત ઉમેદવારો હતા, અને તેમાંથી ચાર ઉમેદવારોએ નિયત તારીખ સુધીમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. બાકીના ત્રણ ઉમેદવારોના નામ ધ રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ, ૧૯૫૧ ની કલમ ૩૮ હેઠળ રિટર્નિંગ ઓફિસર દ્વારા તૈયાર કરવામાં આવેલ ચૂંટણી લડતા ઉમેદવારોની યાદીમાં મૂકવામાં આવ્યા હતા. ત્રણ ઉમેદવારોમાંથી એક પિલ્લઈ સદર અધિનિયમની કલમ ૫૫એ(૨) હેઠળ ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થયા હતા, જેથી અપીલકર્તા અને બીજા સામાવાળા ચૂંટણી લડવા માટે રહ્યા હતા. અપીલકર્તા યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર થયા પછી પ્રથમ સામાવાળા, જેઓ મતવિસ્તારના મતદાર છે, તેમણે એક ચૂંટણી અરજી દાખલ કરી હતી જેમાં એવી અરજ કરેલ છે કે અપીલકર્તાની ચૂંટણી રદબાતલ જાહેર કરવામાં આવે અને વધુમાં બીજા સામાવાળાને યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરવામાં આવે. અપીલકર્તા અને બીજા સામાવાળાને અરજીમાં પક્ષકારો તરીકે જોડવામાં આવ્યા હતા પરંતુ પિલ્લઈને આ રીતે જોડવામાં આવ્યા ન હતા. અપીલકર્તાએ (૧) પિલ્લઈ એક ચૂંટણી લડતા ઉમેદવાર હતા અને તેમને પક્ષકાર તરીકે જોડવામાં નિષ્ફળતા સદર અધિનિયમની કલમ ૮૨ ની જોગવાઈઓનું પાલન ન કરવા સમાન છે, અને (૨) તિજોરીની પહોંચ કે જેના દ્વારા રૂ. ૧,૦૦૦ ની સિક્યુરિટી ડિપોઝિટ કરવામાં આવી હતી તેમાં ખાતાના યોગ્ય અને સંપૂર્ણ મથાળાનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો તેમજ સદર અધિનિયમની કલમ ૧૧૭ માં નિર્ધારિત કર્યા મુજબ ચૂંટણી પંચના સચિવની તરફેણમાં ડિપોઝિટ કરવામાં આવી ન હતી, ના કારણોસર કલમ ૯૦(૩) હેઠળ ચૂંટણી અરજી કાઢી નાખવા ચૂંટણી ટ્રિબ્યુનલ સમક્ષ અરજી કરી હતી. પ્રથમ સામાવાળાએ પણ બેઠક માટેના દાવાને દૂર કરીને અરજીમાં સુધારા માટે ટ્રિબ્યુનલ સમક્ષ અરજી કરી હતી. ટ્રિબ્યુનલે અરજી કાઢી નાખવાની અરજીઓ ફગાવી દીધી હતી અને ઠેરવેલ કે પિલ્લઈ હવે ચૂંટણી લડતા ઉમેદવાર રહ્યા નથી અને તેમને અરજીમાં પક્ષકાર તરીકે જોડવા જરૂરી નથી, અને તિજોરીની પહોંચમાં કોઈ ખામી ન હતી. તેણે અરજ કરેલ સુધારાને પણ મંજૂરી આપી હતી :.

કોર્ટે ઠેરવેલ કે પિલ્લઈને પક્ષકાર તરીકે જોડવામાં નિષ્ફળતા બદલ ચૂંટણી અરજી કલમ ૯૦(૩) હેઠળ કાઢી નાખવાપાત્ર હતી. એક ચૂંટણી લડતા ઉમેદવાર કે જેમનું નામ કલમ ૩૮ હેઠળ તૈયાર કરવામાં આવેલ યાદીમાં સામેલ હતું પરંતુ જેઓ કલમ ૫૫એ(૨) હેઠળ ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થયા હતા તેઓ સદર અધિનિયમના હેતુઓ માટે ચૂંટણી લડતા ઉમેદવાર તરીકે ચાલુ રહ્યા હતા અને જ્યાં બેઠક માટે દાવો કરવામાં આવ્યો હોય ત્યાં કલમ ૮૨ હેઠળ ચૂંટણી અરજદાર માટે તેમને ચૂંટણી અરજીમાં પક્ષકાર તરીકે જોડવાનું ફરજિયાત હતું. વધુમાં, એકવાર બેઠક માટે વધુ ઘોષણાનો દાવો કરતી ચૂંટણી અરજી ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં આવ્યા પછી, ટ્રિબ્યુનલ પાસે સુધારો મંજૂર કરવાની કોઈ

*સત્તા ન હતી, પછી ભલે તે દાવાના કોઈ ભાગને પાછો ખેંચવા દ્વારા અથવા જતો કરવા દ્વારા અથવા અન્યથા હોય. નહિ જોડવાની ખામી આવા સુધારા દ્વારા દૂર કરી શકાતી ન હતી.*

*વધુમાં, કોર્ટે ઠેરવેલ કે કલમ ૧૧૭ ની જોગવાઈઓનું પૂરતું પાલન થયું હતું અને તેનું પાલન કરવામાં નિષ્ફળતાના કારણોસર ચૂંટણી અરજી કાઢી શકાતી નથી. કલમ ૧૧૭ માં વપરાયેલા "ચૂંટણી પંચના સચિવની તરફેણમાં" શબ્દો નિર્દેશાત્મક હતા અને તેમના સ્વરૂપમાં ફરજિયાત ન હતા અને કલમ ૧૧૭ ની શરતોનું કોઈ શબ્દશઃ પાલન જરૂરી ન હતું. કલમ ૧૧૭ ની જોગવાઈઓનો સાર એ હતો કે પહોંચમાં દર્શાવવું જોઈએ અથવા ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરાયેલા પુરાવા દ્વારા એ સાબિત થવું જોઈએ કે ડિપોઝિટ કાયદા દ્વારા અધિકૃત રીતે તેનો ઉપયોગ કરવા માટે ચૂંટણી પંચના નિકાલ પર હતી અને તેના નિયંત્રણ હેઠળ હતી અને ચૂંટણી પંચ અથવા તેને મેળવવા માટે તેના દ્વારા યોગ્ય રીતે અધિકૃત અન્ય કોઈ વ્યક્તિને ચૂકવવાપાત્ર હતી.*

સિવિલ એપેલેટ જ્યુરિસડિક્શન: સિવિલ અપીલ નં. ૭૬૩ અને ૭૬૪/૧૯૫૭ અને ૪૮/૧૯૫૮ .

રિટ પિટિશનો નં. ૫૩૧ અને ૫૩૨/૧૯૫૭ માં મદ્રાસ હાઇકોર્ટના તારીખ ૨૪ સપ્ટેમ્બર, ૧૯૫૭ ના ચુકાદા અને હુકમમાંથી અપીલ (નં. ૭૬૩). રિટ પિટિશનો નં. ૫૭૩ અને ૫૭૪/૧૯૫૭ માં મદ્રાસ હાઇકોર્ટના તારીખ ૨૪ સપ્ટેમ્બર, ૧૯૫૭ ના ચુકાદા અને હુકમમાંથી અપીલ (નં. ૭૬૪). એમ. જે. સી. નં. ૪૮૦/૧૯૫૭ માં પટના હાઇકોર્ટના તારીખ ૯ સપ્ટેમ્બર, ૧૯૫૭ ના ચુકાદા અને હુકમમાંથી વિશેષ પરવાનગી દ્વારા અપીલ (નં. ૪૮).

એમ. સી. સેતલવાડ, ભારતના એટર્ની-જનરલ, એમ. કે. નામ્બિયાર અને એસ. એન. અંદલી, સી. એ. નં. ૭૬૩ માં અપીલકર્તા તરફે.

પી. રામ રેડ્ડી, સી. એ. નં. ૭૬૪ માં અપીલકર્તા તરફે.

પુરષોત્તમ ત્રિકમદાસ અને એસ. પી. વર્મા, સી. એ. નં. ૪૮ માં અપીલકર્તા તરફે અને સી. એ. નં. ૭૬૩ માં હસ્તક્ષેપ કરનાર તરફે.

એ. વી. વિશ્વનાથ શાસ્ત્રી, આર. ગણપતિ અય્યર અને જી. ગોપાલકૃષ્ણન, સી. એ. નં. ૭૬૩ માં સામાવાળા નં. ૧ તરફે.

આર. ગણપતિ અય્યર અને જી. ગોપાલકૃષ્ણન, સી. એ. નં. ૭૬૪ માં સામાવાળા નં. ૧ તરફે.

આર. પટનાયક, સી. એ. નં. ૪૮ માં સામાવાળા નં. ૨ તરફે.

એમ. સી. સેતલવાડ, ભારતના એટર્ની–જનરલ, સી. કે. દફતરી, ભારતના સોલિસિટર–જનરલ અને જે. બી. દાદાચાનજી, વાય. બી. ચવ્હાણ તરફે (સી. એ. નં. ૭૬૩ માં હસ્તક્ષેપ કરનાર).

વાય. કુમાર, કે. પી. પવાર તરફે (સી. એ. નં. ૭૬૩ માં હસ્તક્ષેપ કરનાર).

આર. પટનાયક, ઇબ્રાહિમ અન્સારી તરફે (સી. એ. નં. ૭૬૩ માં હસ્તક્ષેપ કરનાર).

૧૯૫૮. એપ્રિલ ૨૨. કોર્ટનો ચુકાદો **ન્યાયમૂર્તિ ભગવતી** દ્વારા આપવામાં આવેલ.– આ સિવિલ અપીલો કાયદાનો એક સમાન પ્રશ્ન ઉપસ્થિત કરે છે, એટલે કે, ધ રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ, ૧૯૫૧ (જે હવે પછી "સદર અધિનિયમ" તરીકે ઉલ્લેખિત છે) ની કલમો ૮૨ અને ૧૧૭ નું અર્થઘટન, અને તેનો એક સમાન ચુકાદા દ્વારા નિકાલ કરી શકાય છે.

સિવિલ અપીલ નં. ૭૬૩/૧૯૫૭: સિવિલ અપીલ નં. ૭૬૩/૧૯૫૭ માં અપીલકર્તા મદ્રાસના મુખ્ય પ્રધાન છે અને ૪ માર્ચ, ૧૯૫૭ ના રોજ સથુર મતવિસ્તારમાંથી યોજાયેલી ચૂંટણીમાં અરજીમાં સામાવાળા નં. ૨ એવા તેમના હરીફ દ્વારા મેળવેલા ૩૧,૬૮૩ માન્ય મતો સામે ૩૬,૪૦૦ માન્ય મતો મેળવીને મદ્રાસ રાજ્ય વિધાનસભા માટે યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર થયા હતા. સદર મતવિસ્તારમાં ચૂંટણી માટે યોગ્ય રીતે ઉમેદવારી નોંધાવનાર સાત ઉમેદવારો હતા, જેમાંથી ૪ ઉમેદવારોએ ૪ ફેબ્રુઆરી, ૧૯૫૭, જે આવી પાછી ખેંચવાની છેલ્લી તારીખ હતી, ત્યાં સુધીમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. આમ ત્રણ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા, અપીલકર્તા, ૨ જા સામાવાળા અને એક સુંદરરાજ પિલ્લઇ અને તેમના નામો ચૂંટણી લડતા ઉમેદવારોની યાદીમાં મૂકવામાં આવ્યા હતા અને સદર અધિનિયમની કલમ ૩૮ હેઠળ રિટર્નિંગ ઓફિસર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. પિલ્લઇ સદર અધિનિયમની કલમ ૫૫એ(૨) હેઠળ ૨૧ ફેબ્રુઆરી, ૧૯૫૭ ના રોજ ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થયા હતા, આમ બેઠક માટેના માત્ર બે સ્પર્ધકો તરીકે અપીલકર્તા અને ૨ જા સામાવાળા રહ્યા હતા.

અપીલકર્તા યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર થયા પછી, પ્રથમ સામાવાળા જેઓ સદર મતવિસ્તારના મતદાર હતા તેમણે ૧૯૫૭ ની ચૂંટણી અરજી નં. ૧૪૭ તરીકે એક ચૂંટણી અરજી દાખલ કરી, જેમાં અપીલકર્તા અને ૨ જા સામાવાળાને તે અરજીમાં પક્ષકાર સામાવાળા તરીકે જોડ્યા અને એવી અરજ કરી

કે સથુર મતવિસ્તારમાંથી અપીલકર્તાની ચૂંટણી રદબાતલ જાહેર કરવામાં આવે અને વધુમાં ૨ જા સામાવાળાને યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરવામાં આવે.

૨૧ ફેબ્રુઆરી, ૧૯૫૭ ના રોજ ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થયેલા પિલ્લઇને આ અરજીમાં પક્ષકાર સામાવાળા તરીકે જોડવામાં આવ્યા ન હોવાથી, તેમને નહિ જોડવાના કારણે ચૂંટણી પંચ દ્વારા એક વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ૧ મે, ૧૯૫૭ ના રોજ પ્રથમ સામાવાળાને એક નોટિસ પાઠવવામાં આવી હતી, જેમાં તેમને કારણ દર્શાવવા કહેવામાં આવ્યું હતું કે જરૂરી પક્ષકારોમાંના એકને નહિ જોડવાના કારણે અરજીને સંક્ષિપ્તમાં શા માટે કાઢી નાખવામાં ન આવે અને ૧૦ મે, ૧૯૫૭ ના રોજ ચૂંટણી પંચે તેના હુકમ દ્વારા જણાવ્યું હતું કે પક્ષકારોને સાંભળ્યા પછી ટ્રાયલ વખતે ચૂંટણી ટ્રિબ્યુનલે નક્કી કરવાનું રહેશે કે પિલ્લઇને સામાવાળા તરીકે નહિ જોડવાનો મુદ્દો ૨ જા સામાવાળાને યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરવાની માંગ કરતી અરજને અનિવાર્યપણે અસર કરે છે કે કેમ. ચૂંટણી પંચે રૂ. ૧,૦૦૦ ની ડિપોઝિટમાં એક ખામી પણ શોધી કાઢી હતી કારણ કે તિજોરીની પહોંચમાં ખાતાના યોગ્ય અને સંપૂર્ણ મથાળાનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો તેમજ સદર અધિનિયમની કલમ ૧૧૭ માં નિર્ધારિત કર્યા મુજબ ચૂંટણી પંચના સચિવની તરફેણમાં ડિપોઝિટ કરવામાં આવી ન હતી. પક્ષકારોને સાંભળ્યા પછી આ પ્રશ્ન પણ ટ્રિબ્યુનલ પર નક્કી કરવા માટે છોડવામાં આવ્યો હતો કે, શું આ ખામીને ઘાતક ગણવી જોઈએ કે એવી ખામી ગણવી જોઈએ કે જે નવી ડિપોઝિટ દ્વારા અથવા અન્યથા સુધારી શકાય જેથી જો અંતે અપીલકર્તાને

ખર્ચ અપાવવામાં આવે તો તે સુરક્ષિત થઈ શકે. ચૂંટણી પંચે અરજી સ્વીકારી અને સદર અધિનિયમની કલમ ૮૬(૧) હેઠળ જરૂરી મુજબ સત્તાવાર ગેઝેટમાં અરજીની એક નકલ પ્રસિદ્ધ કરવામાં આવી. તે અપીલકર્તા પર પણ બજાવવામાં આવી હતી અને અરજી ટ્રાયલ માટે ચૂંટણી ટ્રિબ્યુનલને મોકલવામાં આવી હતી.

૨૨ જૂન, ૧૯૫૭ ના રોજ, અપીલકર્તાએ ચૂંટણી ટ્રિબ્યુનલ સમક્ષ ૧૯૫૭ ની આઇ. એ. નં. ૧ દાખલ કરી સદર અધિનિયમની કલમ ૯૦(૩) દ્વારા જરૂરી મુજબ અરજી કાઢી નાખવાની માંગ કરી હતી, એવા કારણોસર કે સામાવાળા પિલ્લઇને જોડવામાં નિષ્ફળ રહ્યા હતા, જેઓ ચૂંટણી લડતા ઉમેદવાર પણ હતા. તે જ દિવસે અપીલકર્તાએ ચૂંટણી ટ્રિબ્યુનલ સમક્ષ અન્ય એક અરજી દાખલ કરી, જે સમાન રીતે અરજી કાઢી નાખવાની માંગ કરતી હતી કારણ કે પ્રથમ સામાવાળાએ ચૂંટણી પંચને જે તિજોરીની પહોંચ મોકલી હતી તેમાં ખાતાના યોગ્ય અને સંપૂર્ણ મથાળાનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો અને ડિપોઝિટ પણ ચૂંટણી પંચના સચિવના નામે કરવામાં આવી ન હતી, જે સદર અધિનિયમની કલમ ૧૧૭ હેઠળ સ્પષ્ટ અને સખત રીતે જરૂરી છે. પ્રથમ સામાવાળાએ ચૂંટણી ટ્રિબ્યુનલ સમક્ષ ૧૯૫૭ ની આઇ. એ. નં. ૩ દાખલ કરી જેમાં પૅરેગ્રાફ ૭એ ને કાઢી નાખીને અરજીમાં સુધારો કરવાની અરજ કરી હતી :- "જો પ્રથમ સામાવાળાએ સદર ચૂંટણીમાં આવા ભ્રષ્ટ આચરણોનો આશરો ન લીધો હોત તો બીજા સામાવાળાને વધુ મતો મળ્યા હોત" અને અરજનો એક ભાગ પણ કાઢી નાખવાની માંગ કરી હતી જેણે નીચેની રાહત માંગી હતી :- "અને વધુમાં એવી

પણ અરજ છે કે આ માનનીય કોર્ટ મહેરબાની કરીને બીજા સામાવાળાને ચૂંટણીમાં યોગ્ય રીતે ચૂંટાયેલા ઉમેદવાર તરીકે જાહેર કરશે." આ તમામ અરજીઓ ૫ જુલાઇ, ૧૯૫૭ ના રોજ ચૂંટણી ટ્રિબ્યુનલ સમક્ષ સુનાવણી અને અંતિમ નિકાલ માટે આવી હતી.

તિજોરીની પહોંચના સંબંધમાં પ્રથમ સામાવાળા દ્વારા પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા અને મદુરાઇ તાલુક સબ–ટ્રેઝરીના ઇન્ચાર્જ હેડ એકાઉન્ટન્ટ કે. નટરાજ મુદલિયારે એવો પુરાવો આપ્યો હતો કે સબ–ટ્રેઝરી ક્લાર્કે ચલણમાં ખાતાનું મથાળું ભર્યું હતું, ટ્રેઝરી ઓફિસર ચિઠ્ઠાઓમાં જરૂરી એન્ટ્રીઓ કરશે અને રકમોને સંબંધિત ખાતાના મથાળા પર આગળ લઈ જશે, આ રકમ ચૂંટણી મહેસૂલ ડિપોઝિટમાં રાખવામાં આવી હતી અને ચૂંટણી પંચના હુકમ વિના તેનો નિકાલ થઈ શકતો ન હતો અને નાણાં ચૂંટણી પંચના નિકાલ પર હતા. ચૂંટણી ટ્રિબ્યુનલ દ્વારા ઉલટતપાસમાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે રૂ. ૧,૦૦૦ ની રકમ ડિપોઝિટ રજિસ્ટરમાં ચૂંટણી અરજીના ખર્ચ માટે સિક્યુરિટી ડિપોઝિટ તરીકે નોંધવામાં આવી હતી, ચૂંટણી પંચ નાણાં ઉપાડી શકતું હતું અને ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કોઈપણ વ્યક્તિ પણ તે ઉપાડી શકતું હતું.

ચૂંટણી ટ્રિબ્યુનલે ૫ જુલાઇ, ૧૯૫૭ ના રોજ એક સમાન હુકમ પસાર કર્યો. તેણે ૧૯૯૭ ની આઇ. એ. નં. ૧ ને એવા અભિપ્રાય સાથે ફગાવી દીધી કે સદર પિલ્લઇ ૨૧ ફેબ્રુઆરી, ૧૯૫૭ ના રોજ ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થયા પછી ચૂંટણી લડતા ઉમેદવાર રહ્યા ન હતા. ૧૯૫૭ ની આઇ. એ. નં. ૨ ના સંબંધમાં,

તેણે ઠેરવ્યું કે ખાતાના મથાળાની બાબતમાં કોઈ ખામી ન હતી અને તે વધુમાં એવા અભિપ્રાયનું હતું કે ડિપોઝિટ ચૂંટણી પંચના સચિવની તરફેણમાં કરવામાં આવી હતી તે હકીકતનો ઉલ્લેખ ન કરવો તે અપ્રસ્તુત હતું કારણ કે તે ચૂંટણી પંચની તરફેણમાં કરવામાં આવી હતી અને કરવામાં આવી હોય તેમ માનવામાં આવ્યું હતું, જેના નિકાલ પર ફંડ મૂકવામાં આવ્યું હતું. તેથી સદર અધિનિયમની કલમ ૧૧૭ ની જરૂરિયાતોનું પૂરતું પાલન થયું હતું અને તે અનુસાર તેણે અરજી ફગાવી દીધી હતી. ૧૯૫૭ ની આઇ. એ. નં. ૩ જે અરજીના ચોક્કસ સુધારા માટેની માંગ કરતી હતી તેને મંજૂરી આપવામાં આવી હતી, ચૂંટણી ટ્રિબ્યુનલ એવા નિષ્કર્ષ પર આવી હતી કે પ્રથમ સામાવાળાનો ક્યારેય અરજીમાં કાઢી નાખવા માંગતા ભાગોને સામેલ કરવાનો ઈરાદો ન હતો, જે તેમના કાનૂની સલાહકારોની આકસ્મિક ભૂલના કારણે સામેલ થઈ ગયા હતા.

૧૪ જુલાઇ, ૧૯૫૭ ના રોજ, અપીલકર્તાએ મદ્રાસ ખાતેની હાઇકોર્ટમાં બે રિટ પિટિશનો દાખલ કરી; ૧૯૫૭ ની રિટ પિટિશન નં. ૫૩૧ સર્ટિઓરારીની રિટ જારી કરવા માટે અને ૧૯૫૭ ની રિટ પિટિશન નં. ૫૩૨ પ્રોહિબિશનની રિટ જારી કરવા માટે જેથી ૧૯૯૭ ની આઇ. એ. નં. ૧, ૨ અને ૩ માં ચૂંટણી ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલા સમાન હુકમને રદ કરી શકાય અને ચૂંટણી ટ્રિબ્યુનલને અરજીમાં કોઈ તપાસ કરતા અટકાવી શકાય. આ રિટ પિટિશનો હાઇકોર્ટ સમક્ષ અન્ય બે રિટ પિટિશનો એટલે કે ૧૯૫૭ ની રિટ પિટિશનો નં. ૫૭૩ અને ૫૭૪ (જે હવે પછી ઉલ્લેખિત છે) સાથે સુનાવણી માટે આવી હતી અને ૨૪ સપ્ટેમ્બર,

૧૯૫૭ ના રોજ આપવામાં આવેલા એક સમાન ચુકાદા દ્વારા તે તમામ કાઢી નાખવામાં આવી હતી.

અપીલકર્તાએ ત્યારબાદ ૧૯૫૭ ની રિટ પિટિશનો નં. ૫૩૧ અને ૫૩૨ ના નિર્ણય સામે આ કોર્ટમાં અપીલ કરવા માટે બંધારણના અનુચ્છેદ ૧૩૩(૧)(સી) હેઠળ હાઇકોર્ટમાંથી પ્રમાણપત્ર મેળવ્યું અને તેથી હાલની સિવિલ અપીલ નં. ૭૬૩ / ૧૯૫૭ ઉપસ્થિત થઈ છે.

**સિવિલ અપીલ નં. ૭૬૪ / ૧૯૫૭.**

સિવિલ અપીલ નં. ૭૬૪ / ૧૯૫૭ માત્ર સદર અધિનિયમની કલમ ૮૨ સાથે સંબંધિત છે અને તેમાં અપીલકર્તા તેમના હરીફ પ્રથમ સામાવાળા દ્વારા મેળવેલા ૨૪,૭૧૩ માન્ય મતો સામે ૨૪,૯૨૦ માન્ય મતો મેળવીને ૮ માર્ચ, ૧૯૫૭ ના રોજ સિંગલ મેમ્બર સેલમ (૧) મતવિસ્તારમાંથી મદ્રાસ રાજ્ય વિધાનસભામાં યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર થયા હતા. ૧૦ ઉમેદવારો હતા જેઓ ચૂંટણી માટે યોગ્ય રીતે ઉમેદવારી નોંધાવ્યા હતા; પરંતુ તેમાંથી ૫ ઉમેદવારોએ ૫ ફેબ્રુઆરી, ૧૯૫૭ ના રોજ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી, જે આવી પાછી ખેંચવાની છેલ્લી તારીખ હતી અને બે ઉમેદવારો ૨૩ ફેબ્રુઆરી, ૧૯૫૭ પહેલાં નિવૃત્ત થયા હતા. આમ માત્ર ત્રણ ઉમેદવારો બાકી રહ્યા હતા, એટલે કે, અપીલમાં અપીલકર્તા, ૧ લા સામાવાળા અને ૨ જા સામાવાળા. જ્યારે સદર અધિનિયમની કલમ ૩૮ હેઠળ રિટર્નિંગ ઓફિસર દ્વારા ચૂંટણી લડતા ઉમેદવારોની યાદી તૈયાર અને પ્રસિદ્ધ કરવામાં આવી હતી ત્યારે તે યાદીમાં આ

સિવાય અન્ય બે ઉમેદવારો હતા જેઓ ૫ ફેબ્રુઆરી, ૧૯૫૭ અને ૨૩ ફેબ્રુઆરી, ૧૯૫૭ ની વચ્ચે ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થયા હતા. ૧૮ એપ્રિલ, ૧૯૫૭ ના રોજ, પ્રથમ સામાવાળા જેઓ પરાજિત ઉમેદવાર હતા તેમણે એક ચૂંટણી અરજી દાખલ કરી, જે ૧૯૫૭ ની ચૂંટણી અરજી નં. ૭૪ હતી, જેમાં બે અરજ સામેલ હતી:- (૧) અપીલકર્તાની ચૂંટણી રદ કરવામાં આવે અને (૨) સદર અધિનિયમની કલમ ૧૦૧ હેઠળ તેમને યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરવામાં આવે કારણ કે અપીલકર્તા અને અન્ય લોકો દ્વારા આચરવામાં આવેલા ભ્રષ્ટ આચરણો ન હોત તો તેમણે માન્ય મતોની બહુમતી મેળવી હોત. રિટર્નિંગ ઓફિસર દ્વારા ચૂંટણી લડતા ઉમેદવારોની યાદીમાં સામેલ કરાયેલા પરંતુ ત્યારબાદ ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થયેલા બે ઉમેદવારોને આ અરજીમાં પક્ષકાર સામાવાળા બનાવવામાં આવ્યા ન હતા અને ૨૫ એપ્રિલ, ૧૯૫૭ ના રોજ ચૂંટણી પંચ દ્વારા પ્રથમ સામાવાળાને એક નોટિસ પાઠવીને ૬ મે, ૧૯૫૭ સુધીમાં કારણ દર્શાવવા કહેવામાં આવ્યું હતું કે જરૂરી પક્ષકારોમાંના બે ઉમેદવારોને નહિ જોડવાના કારણે તેમની અરજીને સંક્ષિપ્તમાં શા માટે કાઢી નાખવામાં ન આવે. પ્રથમ સામાવાળા દ્વારા ૨ મે, ૧૯૫૭ ના રોજ એક ખુલાસો રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ ચૂંટણી પંચે આ પ્રશ્નનો નિર્ણય તેના દ્વારા નિયુક્ત કરાયેલ ચૂંટણી ટ્રિબ્યુનલને મોકલ્યો હોવાનું જણાય છે અને ૨૪ જૂન, ૧૯૫૭ ના રોજ, અપીલકર્તાએ ચૂંટણી ટ્રિબ્યુનલ સમક્ષ ૧૯૫૭ ની આઇ. એ. નં. ૧૦૩ તરીકે એક અરજી દાખલ કરી ટ્રિબ્યુનલને સદર અધિનિયમની કલમ ૯૦(૩) દ્વારા જરૂરી મુજબ સદર અરજી

કાઢી નાખવા જણાવ્યું હતું. ચૂંટણી ટ્રિબ્યુનલે ૧૩ જુલાઇ, ૧૯૫૭ ના રોજ આ અરજી પર એક હુકમ પસાર કર્યો જેમાં ઠેરવ્યું કે સદર બે ઉમેદવારો ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થતાં સદર અધિનિયમની કલમ ૮૨ માં વપરાયેલા તે શબ્દના અર્થમાં ચૂંટણી લડતા ઉમેદવારો તરીકે બંધ થઈ ગયા હતા અને જે રીતે અરજી ઘડવામાં આવી હતી તે ટકવાપાત્ર હતી.

અપીલકર્તાએ ત્યારબાદ મદ્રાસ ખાતેની હાઇકોર્ટમાં બે રિટ પિટિશનો દાખલ કરી જે રિટ પિટિશનો નં. ૫૭૩ અને ૫૭૪/૧૯૫૭ હતી, એક સર્ટિઓરારીની રિટ માટે અને બીજી પ્રોહિબિશનની રિટ માટે જેમાં અનુક્રમે એવી માંગણી કરવામાં આવી હતી કે ચૂંટણી ટ્રિબ્યુનલનો સદર હુકમ રદ કરવામાં આવે અને ટ્રિબ્યુનલને ચૂંટણી અરજી નં. ૭૪/૧૯૫૭ માં તપાસ આગળ ધપાવતા અટકાવવામાં આવે. આ બે રિટ પિટિશનો ૨૪ સપ્ટેમ્બર, ૧૯૫૭ ના રોજ હાઇકોર્ટ સમક્ષ અગાઉ ઉલ્લેખિત ૧૯૫૭ ની રિટ પિટિશનો નં. ૫૩૧ અને ૫૩૨ સાથે સુનાવણી માટે આવી હતી અને સદર તારીખ ધરાવતા એક સમાન ચુકાદા દ્વારા હાઇકોર્ટે તેને કાઢી નાખી હતી. આ નિર્ણય સામે અપીલકર્તાને બંધારણના અનુચ્છેદ ૧૩૩(૧)(સી) હેઠળ પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું અને આ રીતે હાલની સિવિલ અપીલ નં. ૭૬૪ / ૧૯૫૭ અમારી સમક્ષ આવી છે.

**સિવિલ અપીલ નં. ૪૮/૧૯૫૮.**

સિવિલ અપીલ નં. ૪૮/૧૯૫૮ માં અપીલકર્તા માત્ર સદર અધિનિયમની કલમ ૧૧૭ સાથે સંબંધિત છે. તેઓ ૧૫ માર્ચ, ૧૯૫૭ ના રોજ રાંચી પૂર્વ અનામત મતવિસ્તારમાંથી હાઉસ ઓફ ધ પીપલ માટે યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર થયા હતા, તેમણે ૨ જા સામાવાળા કે જેમણે માત્ર ૩૬,૭૮૫ મતો મેળવ્યા હતા તેમની સામે ૩૯,૦૨૫ મતો મેળવ્યા હતા. ૨૭ એપ્રિલ, ૧૯૫૭ ના રોજ, ૨ જા સામાવાળાએ અપીલકર્તા સામે ચૂંટણી અરજી નં. ૩૪૧/૧૯૫૭ તરીકે એક ચૂંટણી અરજી દાખલ કરી જેમાં એવી અરજ કરી કે: હાઉસ ઓફ ધ પીપલ માટેની તેમની ચૂંટણી રદબાતલ જાહેર કરવામાં આવે અને ૨ જા સામાવાળાને સદર મતવિસ્તારમાંથી યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરવામાં આવે. ચૂંટણી લડતા તમામ ઉમેદવારોને તે અરજીમાં પક્ષકાર સામાવાળા બનાવવામાં આવ્યા હતા; પરંતુ એવું જણાય છે કે ૨ જા સામાવાળાએ અરજી સાથે એક સરકારી તિજોરીની પહોંચ જોડી હતી જે દર્શાવતી હતી કે તેમણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, રાંચી શાખામાં અરજીના ખર્ચ માટે સિક્યુરિટી તરીકે રૂ. ૧,૦૦ 0 ની ડિપોઝિટ કરી હતી જેમાં એવો ઉલ્લેખ ન હતો કે તે "ચૂંટણી પંચના સચિવની તરફેણમાં" કરવામાં આવી હતી. તેમણે ચલણમાં માત્ર "ચૂંટણી અરજીના ખર્ચ માટે સિક્યુરિટી, રાંચી પૂર્વ સંસદીય મતવિસ્તાર" શબ્દો લખ્યા હતા. ૧૪ મે, ૧૯૫૭ ના રોજ, ચૂંટણી પંચે અરજી સ્વીકારવાનો હુકમ કર્યો પરંતુ ડિપોઝિટમાં રહેલી ખામી ઘાતક છે કે તેને સુધારી શકાય, દા.ત., નવી ડિપોઝિટ દ્વારા અથવા અન્યથા જેથી

અપીલકર્તાના તરફેણમાં અપાયેલા ખર્ચના અધિકારને જો કોઈ હોય તો સુરક્ષિત કરી શકાય, તે પ્રશ્ન તેણે ચૂંટણી ટ્રિબ્યુનલ દ્વારા નિર્ણય માટે અનામત રાખ્યો હતો. ૩૧ જુલાઇ, ૧૯૫૭ ના રોજ, અપીલકર્તાએ સદર અધિનિયમની કલમ ૯૦(૩) હેઠળ ચૂંટણી ટ્રિબ્યુનલ સમક્ષ એક અરજી દાખલ કરીને ભારપૂર્વક જણાવ્યું કે ચલણમાંથી "ચૂંટણી પંચના સચિવની તરફેણમાં" શબ્દોની બાદબાકી ઘાતક હતી અને અરજી કાઢી નાખવામાં આવે. તેમણે એમ પણ આગ્રહ કર્યો કે ચૂંટણી અરજીની કોઈ વધુ સુનાવણી થાય તે પહેલાં આ વાંધાની સુનાવણી કરી તેનો નિકાલ કરવામાં આવે. પ્રારંભિક વાંધાની સુનાવણી તે મુજબ ૨૬ અને ૨૭ ઓગસ્ટ, ૧૯૫૭ ના રોજ કરવામાં આવી હતી અને ૩૧ ઓગસ્ટ, ૧૯૫૭ ના રોજ ના તેના હુકમ દ્વારા, ચૂંટણી ટ્રિબ્યુનલે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે આ બાબત શંકાથી મુક્ત ન હતી અને ચૂંટણી ટ્રિબ્યુનલ એક એડ હોક સંસ્થા હોવાથી, તે આવશ્યક હતું કે તેણે કેસનો સંપૂર્ણ નિકાલ કરવો જોઈએ અને ટુકડે-ટુકડે નહીં, કારણ કે જો તેનો અભિપ્રાય એપેલેટ ઓથોરિટી દ્વારા સ્વીકારવામાં ન આવે તો રિમાન્ડ માટે કોઈ સરળ જોગવાઈ ન હતી. તેથી ચૂંટણી ટ્રિબ્યુનલે તે તબક્કે પ્રારંભિક વાંધા પર પોતાનો નિર્ણય આપવો યોગ્ય માન્યો ન હતો અને હુકમ કર્યો કે ચૂંટણી અરજીની ટ્રાયલ આગળ વધે.

અપીલકર્તાએ ત્યારબાદ ૬ સપ્ટેમ્બર, ૧૯૫૭ ના રોજ પટના ખાતેની હાઈકોર્ટમાં બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ એક રિટ પિટિશન દાખલ કરી જે ૧૯૫૭ ની એમ. જે. સી. નં. ૪૮૦ હતી, જેમાં ચૂંટણી ટ્રિબ્યુનલના હુકમને રદ

કરવા માટે સર્ટિઓરારીની રિટ અને ચૂંટણી ટ્રિબ્યુનલ સમક્ષની કાર્યવાહી ચાલુ રાખવા પર રોક લગાવવા માટે પ્રોહિબિશનની રિટની માંગણી કરી હતી. આ અરજી હાઈકોર્ટ દ્વારા ૯ સપ્ટેમ્બર, ૧૯૫૭ ના રોજ ફગાવી દેવામાં આવી હતી કારણ કે હાઈકોર્ટે વિચાર્યું હતું કે આ બાબતનો નિર્ણય ચૂંટણી અરજીની સુનાવણી વખતે જ થઈ શકે છે. અપીલકર્તાએ ત્યારબાદ ૧૬ ડિસેમ્બર, ૧૯૫૭ ના રોજ આ કોર્ટમાંથી હાઈકોર્ટના સદર હુકમ સામે બંધારણના અનુચ્છેદ ૧૩૬ હેઠળ અપીલ કરવા માટે વિશેષ પરવાનગી માટે અરજી કરી અને મેળવી અને તે રીતે ૧૯૫૮ ની સિવિલ અપીલ નં. ૪૮ અમારી સમક્ષ છે.

સદર અધિનિયમની બે કલમો જેનું અમારે અર્થઘટન કરવાનું છે તે નીચે મુજબ છે:

કલમ ૮૨. "અરજીના પક્ષકારો: એક અરજદાર તેની અરજીમાં સામાવાળા તરીકે જોડશે :–

(એ) જ્યાં અરજદાર, તમામ અથવા કોઈપણ ચૂંટાયેલા ઉમેદવારોની ચૂંટણી રદબાતલ હોવાની ઘોષણાનો દાવો કરવા ઉપરાંત, એવી વધુ ઘોષણાનો દાવો કરે છે કે તે પોતે અથવા અન્ય કોઈ ઉમેદવાર યોગ્ય રીતે ચૂંટાયા છે, ત્યાં અરજદાર સિવાયના તમામ ચૂંટણી લડતા ઉમેદવારોને, અને જ્યાં આવી કોઈ વધુ ઘોષણાનો દાવો કરવામાં આવ્યો ન હોય, ત્યાં તમામ ચૂંટાયેલા ઉમેદવારોને; અને

(બી) અન્ય કોઈ ઉમેદવાર કે જેની સામે અરજીમાં કોઈ ભ્રષ્ટ આચરણના આક્ષેપો કરવામાં આવ્યા હોય."

કલમ ૧૧૭. "સિક્યુરિટીની ડિપોઝિટ: અરજદારે અરજી સાથે સરકારી તિજોરીની પહોંચ જોડવી પડશે જે દર્શાવે છે કે તેના દ્વારા એક હજાર રૂપિયાની ડિપોઝિટ કાં તો સરકારી તિજોરીમાં અથવા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાં ચૂંટણી પંચના સચિવની તરફેણમાં અરજીના ખર્ચ માટે સિક્યુરિટી તરીકે કરવામાં આવી છે."

અમારા નિર્ણય માટે મુખ્ય પ્રશ્ન એ છે કે કલમ ૮૨ માં "ચૂંટણી લડતા ઉમેદવાર" પદસમૂહનો ચોક્કસ અર્થ શું છે અને શું એવો ઉમેદવાર કે જેનું નામ કલમ ૩૮ હેઠળ રિટર્નિંગ ઓફિસર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ ચૂંટણી લડતા ઉમેદવારોની યાદીમાં સામેલ હતું પરંતુ જે કલમ ૫૫એ(૨) હેઠળ ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થયો હતો, તે આ પદસમૂહમાં સામેલ છે કે કેમ.

આ સંદર્ભમાં સદર અધિનિયમના ભાગ V માં સમાવિષ્ટ ચૂંટણીઓના સંચાલન અંગેની સદર અધિનિયમની યોજનાનું સર્વેક્ષણ કરવું મદદરૂપ થશે. કલમ ૩૦ હેઠળ મતવિસ્તારને સભ્ય કે સભ્યો પસંદ કરવા માટે આમંત્રણ આપતી નોટિફિકેશન જારી થતાંની સાથે જ, ચૂંટણી પંચે (૧) ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ, (૨) ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ, (૩) ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ, (૪) જો જરૂરી હોય તો, મતદાન કરવાની તારીખ કે તારીખો, અને (૫) જે તારીખ પહેલાં ચૂંટણી પૂર્ણ કરવાની

હોય તે તારીખ નક્કી કરવાની હોય છે. ચૂંટણી માટેના ઉમેદવારે શરૂઆત કરવા માટે માન્ય રીતે નામાંકિત થવું પડે છે અને આવા નામાંકન થયા પછી રિટર્નિંગ ઓફિસરે નિયત દિવસે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવાની હોય છે. તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવ્યા પછી અને રિટર્નિંગ ઓફિસર દ્વારા તેને સ્વીકારવા અથવા નકારવાના નિર્ણયો નોંધવામાં આવ્યા પછી તરત જ, તેમણે માન્ય રીતે નામાંકિત ઉમેદવારોની યાદી તૈયાર કરવાની હોય છે અને તેને તેમના નોટિસ બોર્ડ પર ચોંટાડવાની હોય છે. જો કે, આ ઉમેદવારોમાંના કોઈપણ ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખે અથવા તે પહેલાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકે છે અને રિટર્નિંગ ઓફિસરને પાછી ખેંચવાની નોટિસ મળતાં જ તેને પોતાની ઓફિસમાં કોઈ અગ્રણી જગ્યાએ ચોંટાડવાનો આદેશ આપવામાં આવ્યો છે. કલમ ૩૮ જોગવાઈ કરે છે કે જે સમયગાળાની અંદર ઉમેદવારી પાછી ખેંચી શકાય તે સમયગાળો પૂરો થયા પછી તરત જ રિટર્નિંગ ઓફિસરે ચૂંટણી લડતા ઉમેદવારોની એક યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહેશે, એટલે કે એવા ઉમેદવારો જેઓ માન્ય રીતે નામાંકિત ઉમેદવારોની યાદીમાં સામેલ હતા અને જેમણે સદર સમયગાળાની અંદર પોતાની ઉમેદવારી પાછી ખેંચી નથી. કલમ ૫૨ મતદાન પહેલાં ઉમેદવારના મૃત્યુના પરિણામોની જોગવાઈ કરે છે અને કહે છે કે

જો કોઈ ચૂંટણી લડતા ઉમેદવારનું મૃત્યુ થાય છે અને મતદાન શરૂ થતાં પહેલાં તેમના મૃત્યુનો અહેવાલ મળે છે, તો રિટર્નિંગ ઓફિસરે મૃત્યુની હકીકતથી સંતુષ્ટ થઈને મતદાન રદ કરવું પડશે અને ત્યારબાદ ચૂંટણીના સંદર્ભમાં તમામ

કાર્યવાહી તમામ બાબતોમાં નવેસરથી શરૂ થશે જાણે કે નવી ચૂંટણી માટે હોય. જો કે આ કલમમાં બે પ્રોવાઇઝો છે: (૧) કે જે વ્યક્તિ મતદાન રદ કરવાના સમયે ચૂંટણી લડતા ઉમેદવાર હતી તેના કિસ્સામાં કોઈ વધુ ઉમેદવારીની જરૂર રહેશે નહીં અને (૨) કે જે કોઈ વ્યક્તિએ મતદાન રદ કરતા પહેલાં કલમ ૩૭(૧) હેઠળ પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ અથવા કલમ ૫૫એ(૨) હેઠળ ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થવાની નોટિસ આપી હોય તે વ્યક્તિ આવા મતદાન રદ થયા પછી ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નામાંકિત થવા માટે અપાત્ર નથી. કલમો ૫૩ અને ૫૪ હરીફાઈવાળી અને બિન–હરીફાઈવાળી ચૂંટણીઓમાં પ્રક્રિયા નક્કી કરે છે. જો ચૂંટણી લડતા ઉમેદવારોની સંખ્યા ભરવાની બેઠકોની સંખ્યા કરતાં વધુ હોય તો મતદાન કરવામાં આવશે; જો આવા ઉમેદવારોની સંખ્યા ભરવાની બેઠકોની સંખ્યા જેટલી જ હોય, તો રિટર્નિંગ ઓફિસરે તરત જ આવા તમામ ઉમેદવારોને તે બેઠકો ભરવા માટે યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરવાના રહેશે અને જો આવા ઉમેદવારોની સંખ્યા ભરવાની બેઠકોની સંખ્યા કરતાં ઓછી હોય, તો રિટર્નિંગ ઓફિસરે તરત જ આવા તમામ ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવાના રહેશે અને ચૂંટણી પંચે બાકીની બેઠક કે બેઠકો ભરવા માટે વ્યક્તિ કે વ્યક્તિઓની પસંદગી કરવા માટે મતવિસ્તારને આમંત્રણ આપવું પડશે. કલમ ૫૫એ સંસદીય અને વિધાનસભા મતવિસ્તારોમાં ચૂંટણીઓમાં હરીફાઈમાંથી નિવૃત્તિ અને તેના પરિણામોની જોગવાઈ કરે છે. કલમ ૫૫એ(૨) હેઠળ ચૂંટણી લડતો ઉમેદવાર તેમાં નિર્દિષ્ટ કરેલી રીતે

વિતરિત કરાયેલ નિયત ફોર્મમાં નોટિસ આપીને ચૂંટણી જંગમાંથી નિવૃત્ત થઈ શકે છે અને રિટર્નિંગ ઓફિસરને નિવૃત્તિની આવી નોટિસ મળતાં જ તેની એક નકલ તેના નોટિસ બોર્ડ પર ચોંટાડશે અને નિયત રીતે પ્રસિદ્ધ પણ કરશે. પેટા–કલમ ૫ એક કાનૂની કલ્પના ઘડે છે. તે જણાવે છે કે જે કોઈપણ વ્યક્તિએ પેટા–કલમ ૨ હેઠળ નિવૃત્ત થવાની નોટિસ આપી હોય તેને ત્યારબાદ કલમ ૫૨ ના હેતુઓ માટે ચૂંટણી લડતો ઉમેદવાર માનવામાં આવશે નહીં. પેટા–કલમો ૬ અને ૭ મતદાન પર આવી નિવૃત્તિના પરિણામોની જોગવાઈ કરે છે. આવી નિવૃત્તિ પહેલાં કલમ ૩૮ હેઠળ રિટર્નિંગ ઓફિસર દ્વારા તૈયાર કરાયેલ ચૂંટણી લડતા ઉમેદવારોની યાદી નક્કી કરશે કે મતદાન થવું જોઈએ કે નહીં. સદર અધિનિયમની કલમો ૫૩ અને ૫૪ તમામ શક્યતાઓની જોગવાઈ કરે છે પરંતુ જો ભરવાની બેઠકોની સંખ્યા કરતાં ચૂંટણી લડતા ઉમેદવારોની સંખ્યા વધુ હોવાના કારણે મતદાન કરવાનું હોય અને આવા ચૂંટણી લડતા ઉમેદવારોમાંથી એક અથવા વધુ ઉમેદવારો મતદાન શરૂ થતાં પહેલાં નિવૃત્ત થઈ જાય અને મેદાનમાં માત્ર એટલી જ સંખ્યામાં ઉમેદવારો બચે જે ભરવાની બેઠકોની સંખ્યા જેટલી હોય, તો પેટા–કલમો ૬ અને ૭ જોગવાઈ કરે છે કે રિટર્નિંગ ઓફિસરે તરત જ બાકીના તમામ ચૂંટણી લડતા ઉમેદવારોને તે બેઠકો ભરવા માટે યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરવા પડશે અને મતદાન રદ કરવું પડશે.

ત્યારબાદ ભાગ VI આવે છે જે ચૂંટણી સંબંધિત વિવાદો સાથે વ્યવહાર કરે છે. કલમ ૮૦ જોગવાઈ કરે છે કે આ ભાગની જોગવાઈઓ અનુસાર રજૂ કરાયેલી

ચૂંટણી અરજી સિવાય કોઈ ચૂંટણીને સવાલ હેઠળ લાવી શકાશે નહીં. કલમ ૮૧ હેઠળ કોઈપણ ચૂંટણીને સવાલ હેઠળ લાવતી ચૂંટણી અરજી કલમ ૧૦૦(૧) અને કલમ ૧૦૧ માં નિર્દિષ્ટ કરાયેલા એક અથવા વધુ કારણોસર ચૂંટણી પંચ સમક્ષ આવી ચૂંટણીના કોઈપણ ઉમેદવાર અથવા કોઈપણ મતદાર દ્વારા ચૂંટાયેલા ઉમેદવારની ચૂંટણીની તારીખથી પિસ્તાલીસ દિવસની અંદર, પરંતુ તેનાથી વહેલી નહીં, રજૂ કરી શકાશે. કલમ ૮૨ પ્રિસ્ક્રાઇબ કરે છે કે આવી અરજીમાં જરૂરી પક્ષકારો કોણ છે. અરજદાર માત્ર એવી ઘોષણાનો દાવો કરી શકે છે કે તમામ અથવા કોઈપણ ચૂંટાયેલા ઉમેદવારોની ચૂંટણી રદબાતલ છે. જો તે તેમ કરે છે તો તેણે તેની અરજીમાં તમામ ચૂંટાયેલા ઉમેદવારોને અને અન્ય કોઈપણ ઉમેદવારને કે જેની સામે અરજીમાં કોઈપણ ભ્રષ્ટ આચરણના આક્ષેપો કરવામાં આવ્યા હોય, સામાવાળા તરીકે જોડવા પડશે. જો કે, આવી ઘોષણાનો દાવો કરવા ઉપરાંત જો અરજદાર એવી વધુ ઘોષણાનો દાવો કરે છે કે તે પોતે અથવા અન્ય કોઈ ઉમેદવાર યોગ્ય રીતે ચૂંટાયા છે, તો અરજદાર સિવાયના તમામ ચૂંટણી લડતા ઉમેદવારોને, અને અન્ય કોઈપણ ઉમેદવારને કે જેની સામે અરજીમાં ભ્રષ્ટ આચરણના આક્ષેપો કરવામાં આવ્યા હોય, તે અરજીમાં સામાવાળા તરીકે જોડવા આવશ્યક છે. કલમ ૮૪ અરજદાર દ્વારા માંગી શકાય તેવી રાહતોની જોગવાઈ કરે છે. તે જણાવે છે કે તમામ અથવા કોઈપણ ચૂંટાયેલા ઉમેદવારોની ચૂંટણી રદબાતલ હોવાની ઘોષણાનો દાવો કરવા ઉપરાંત, અરજદાર એવી વધુ ઘોષણાનો દાવો કરી શકે છે કે તે પોતે અથવા અન્ય કોઈ

ઉમેદવાર યોગ્ય રીતે ચૂંટાયા છે. આ ખરેખર સદર અધિનિયમની કલમ ૮૨(એ) માં સમાવિષ્ટ જોગવાઈઓનો પાયો છે જે પ્રિસ્ક્રાઈબ કરે છે કે આવી અરજીમાં જરૂરી પક્ષકારો કોણ છે. કલમ ૮૫ ચૂંટણી પંચને અરજી કાઢી નાખવાનો આદેશ આપે છે જો કલમ ૮૧ અથવા કલમ ૮૨ અથવા કલમ ૧૧૭ ની જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું ન હોય, જો કે, અરજદારને સાંભળવાની તક આપ્યા વિના અરજી કાઢી નાખવામાં આવશે નહીં. કલમ ૯૦ ચૂંટણી ટ્રિબ્યુનલ દ્વારા અનુસરવાની પ્રક્રિયા પ્રિસ્ક્રાઈબ કરે છે અને કલમ ૯૦(૩) ટ્રિબ્યુનલને એવી ચૂંટણી અરજી કાઢી નાખવાનો આદેશ આપે છે જે કલમ ૮૧, ૮૨ કે ૧૧૭ ની જોગવાઈઓનું પાલન કરતી નથી, ભલે તે કલમ ૮૫ હેઠળ ચૂંટણી પંચ દ્વારા કાઢી નાખવામાં આવી ન હોય. કલમ ૧૧૭ અરજદાર દ્વારા અરજીના ખર્ચ માટે સિક્યુરિટીની ડિપોઝિટનો સંદર્ભ આપે છે, અને તે ઉપર પહેલેથી જ દર્શાવવામાં આવી છે.

ઉપરોક્ત બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે ચૂંટણી માટેની પ્રક્રિયા અત્યંત ઝીણવટભરી વિગતો સાથે વિચારવામાં આવી છે અને મતવિસ્તારને સભ્ય કે સભ્યો પસંદ કરવા માટે આમંત્રણ આપતી નોટિફિકેશન જારી કરવાથી લઈને ચૂંટણીના પરિણામોના પ્રકાશન સુધીના તમામ પગલાં તેમાં નક્કી કરવામાં આવ્યા છે.

બંધારણનો અનુચ્છેદ ૩૨૯(બી) જોગવાઈ કરે છે કે સંસદના બંને ગૃહોમાંથી કોઈ એક ગૃહની અથવા રાજ્યની વિધાનમંડળના ગૃહો અથવા

બંનેમાંથી કોઈ એક ગૃહની ચૂંટણીને યોગ્ય વિધાનમંડળ દ્વારા અથવા તેના હેઠળ બનાવેલા કોઈપણ કાયદા દ્વારા પ્રદાન કરવામાં આવે તેવી સત્તાધિકારી સમક્ષ અને તેવી રીતે રજૂ કરાયેલી ચૂંટણી અરજી સિવાય સવાલ હેઠળ લાવી શકાશે નહીં, અને સદર અધિનિયમનો ભાગ VI ચૂંટણીઓ સંબંધિત વિવાદો માટેની જોગવાઈઓ ઘડે છે. ચૂંટણી અરજીની ટ્રાયલના અંતે ચૂંટણી ટ્રિબ્યુનલ દ્વારા જે હુકમો પસાર કરી શકાય છે તે સદર અધિનિયમની કલમ ૯૮ માં દર્શાવવામાં આવ્યા છે, એટલે કે, (એ) ચૂંટણી અરજી કાઢી નાખવી; અથવા (બી) તમામ અથવા કોઈપણ ચૂંટાયેલા ઉમેદવારોની ચૂંટણી રદબાતલ જાહેર કરવી; અથવા (સી) તમામ અથવા કોઈપણ ચૂંટાયેલા ઉમેદવારોની ચૂંટણી રદબાતલ જાહેર કરવી અને અરજદાર અથવા અન્ય કોઈપણ ઉમેદવાર યોગ્ય રીતે ચૂંટાયા હોવાનું જાહેર કરવું. કલમ ૯૯ હેઠળ ચૂંટણી ટ્રિબ્યુનલને એવો હુકમ કરવાની સત્તા પણ આપવામાં આવી છે, જ્યાં અરજીમાં ચૂંટણીમાં કોઈ ભ્રષ્ટ આચરણ આચરવામાં આવ્યું હોવાનો કોઈ આરોપ મૂકવામાં આવ્યો હોય, જેમાં (૧) ચૂંટણીમાં કોઈપણ ઉમેદવાર અથવા તેના એજન્ટ દ્વારા અથવા તેની સંમતિથી કોઈ ભ્રષ્ટ આચરણ સાબિત થયું છે કે નહીં તે અંગેનો નિષ્કર્ષ, અને તે ભ્રષ્ટ આચરણનું સ્વરૂપ; અને (૨) તે તમામ વ્યક્તિઓના નામ, જો કોઈ હોય તો, જેઓ ટ્રાયલ વખતે કોઈપણ ભ્રષ્ટ આચરણ માટે દોષિત સાબિત થયા હોય અને તે આચરણનું સ્વરૂપ નોંધવાનું રહેશે.

આ જોગવાઈઓ દર્શાવે છે કે "ચૂંટણી હરીફાઈ એ કાયદા હેઠળની કાર્યવાહી અથવા ઈક્વિટીમાં દાવો નથી પરંતુ સામાન્ય કાયદા માટે અજ્ઞાત સંપૂર્ણપણે વૈધાનિક કાર્યવાહી છે અને કોર્ટ પાસે કોઈ સામાન્ય કાયદાની સત્તા નથી.

એ હંમેશા ધ્યાનમાં રાખવું જોઈએ કે જોકે સફળ ઉમેદવારની ચૂંટણીમાં સહેલાઈથી હસ્તક્ષેપ કરવાનો નથી, તેમ છતાં તે કાયદાની આવશ્યકતાઓમાંની એક ચૂંટણી પ્રક્રિયાની શુદ્ધતાનું રક્ષણ કરવાની પણ છે અને એ જોવાની પણ છે કે લોકો તે કાયદાના ઘોર ઉલ્લંઘન દ્વારા અથવા ભ્રષ્ટ આચરણો દ્વારા ચુંટાઈ ન આવે." (જગન નાથ વિ. જસવંત સિંહ માં મહાજન સી. જે. દ્વારા).

એ. શ્રીનિવાસન વિ. ઇલેક્શન ટ્રિબ્યુનલ, મદ્રાસ માં પણ આ જ અર્થના અવલોકનો છે:

"ચૂંટણી અરજી એ એવી બાબત નથી જેમાં માત્ર તે જ વ્યક્તિઓ રસ ધરાવતી હોય જે ઉમેદવારો ચૂંટણીમાં એકબીજા સામે લડ્યા હતા. જનતા પણ તેમાં નોંધપાત્ર રીતે રસ ધરાવે છે અને આ માત્ર એ અર્થમાં નથી કે ચૂંટણી સમાચાર મૂલ્ય ધરાવે છે. ચૂંટણી એ લોકશાહી પ્રક્રિયાનો આવશ્યક ભાગ છે. સામાન્ય નાગરિકો એ જોવામાં રસ ધરાવે છે અને તેઓ એ વાત પર ભાર મૂકવામાં વાજબી છે કે તમામ ચૂંટણીઓ ન્યાયી અને મુક્ત હોય અને ભ્રષ્ટ કે ગેરકાયદેસર આચરણોથી દૂષિત ન હોય. દીવાની દાવામાં માત્ર તે જ વ્યક્તિઓ

